**<u>રેગ્યુલર દિવાની મુકદમા નં.૯૭/૨૦૨૩.</u>**

(વિધવા જસુબેન ભીમાભાઈ, વિ.૬ –વિરૂધ્ધ– ભીખાભાઈ જીણાભાઈ, વિ.૨)

**<u>વાદીઓની આંક–૫ ની વચગાળાનો મનાઈ હુકમ મળવાની અરજી લગત હુકમ</u>**

**(૧)** વાદીઓના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, પક્ષકારો ગુજરનાર જીણાભાઈ અરજણભાઈ વાસણના સીધીલીટીના વારસદારો છે. માળીયા હાટીના તાલુકાના વિસણવેલ ગામે ખેતીની જમીન સર્વે નં.૪૪૫/૧ થી હે.આરે.ચો.મી. ૧–૧૩–૩૧ વાદીઓના ગુજરનાર પતિ/પિતાના કાયદેસરના વારસ દરજ્જે હિસ્સામાં આવેલ છે અને વાદીઓના ગુજરનાર પતિ/પિતાના વખતથી આ જમીનનો શાંત, નિર્ભય અને પ્રત્યક્ષ કબજો ધરાવે છે અને ખેતી કરી ઉપજ નિપજ લઈ પરિવારનું ગુજરાન ચલાવે છે. સર્વે નં.૪૪૫ એકજ સર્વે નંબર છે અને તેમાં સર્વે નં.૪૪૫/૧ થી સર્વે નં.૪૪૫/૫ પડેલા છે, જે અનુક્રમે વાદીઓ, બાબુભાઈ જીણાભાઈ, પ્રતિવાદી નં.૧, માંડાભાઈ જીણાભાઈ અને જીવાભાઈ જીણાભાઈના હિસ્સે આવેલ છે. સર્વે નં.૪૪૫/૬ હે.આરે.ચો.મી. ૦–૫૮–૬૮ જે સરકારી પડતર તરીકેની છે તે સરકારશ્રીએ કેનાલ બનવવા માટે સંપાદિત કરેલ છે અને ત્યાં હાલ કેનાલ બનાવવામાં આવેલ છે. કેનાલ સર્વે નં.૪૪૫ ની સમગ્ર જમીનની વચ્ચે પસાર થાય છે અને પસાર થતી કેનાલ ઉપર કેનાલના બાંધકામ દરમિયાન બે નાના પુલ બનાવેલ છે જેથી ખાતેદાર ખેડૂતને પોતાના ખેતરે આવી જઈ શકાય. કેનાલ પૂર્વ–પશ્ચિમ લંબાઈની છે અને કેનાલ બાદ દક્ષિણે વાદીઓની જમીન સર્વે નં.૪૪૫/૧ છે અને ખેતરમાં જઈ શકાય તેવો પુલ પણ બનાવેલ છે જેની ઉતરે પ્રતિવાદી નં.૧ ના હિસ્સાની જમીન કેનાલ બાદ દક્ષિણે આવેલ છે. વાદીઓની જમીન સર્વે નં.૪૪૫/૧ પૈકી કેનાલની દક્ષિણ અને કેનાલની ઉતરે પ્રતિવાદી નં.૧ ની સર્વે નં.૪૪૫/૩ છે અને તે જમીન ગડુ (શેરબાગ) તરફ જતા રાજમાર્ગ છે. આ ગડુ તરફ જતા જાહેર માર્ગ પ્રતિવાદી નં.૧ ની જમીનની પૂર્વ બાજુએ આશરે ૧૫ ફુટ પહોળાઈનો

ઉતરથી દક્ષિણ તરફ રસ્તો આવેલ છે. આ રસ્તો પશ્ચિમ તરફ વળાંકી કેનાલ ઉપર બનાવેલ પુલ સુધી જાય છે અને પુલ ઉપરથી વાદીઓ તેમના હિસ્સા વાળા ખેતરમાં જાય છે અને ખેતી કરે છે. દાવાવાળા રસ્તા સિવાય વાદીઓને કોઈ વૈકલ્પિક માર્ગ નથી. દાવાવાળા રસ્તાનો વાદીઓ વર્ષોથી ઉપયોગ ઉપભોગ કરે છે અને આજે પણ આ રસ્તો હયાત છે અને ત્યાંથી ચાલે છે. સર્વે નં.૪૪૫ માંથી બધા ભાઈઓના ભાગ પડેલ છે અને રસ્તો મુકેલ છે, પરંતુ પ્રતિવાદી સાથે કૌટુંબિક મતભેદ અને બોલવા ચાલવાના સંબંધો હાલ ન હોવાથી વાદીઓના કાયદેસરના રસ્તા ઉપરથી ચાલવા દેવાની ના પાડી દીધી છે અને ધમકી આપેલી. વાદીઓને તેઓના કાયદેસરના રસ્તા ઉપરથી હાલતા ચાલતા ખેતી વિષયક સાંતી–સળ, હાર્વેસ્ટર, ગાડા ગડીરા લઈને જવા આવવામાં અડચણ, અટકાયત કે અવરોધ કરવાનો પ્રતિવાદીઓને કોઈ કાયદેસરનો હકક અધિકાર નથી પરંતુ પ્રતિવાદી નં.૨ જોહુકમીથી પ્રતિવાદી નં.૧ ગેરકાયદેસર કૃત્ય કરી રહયા છે. વાદી નં.૩ મારફત પ્રતિવાદીઓ સામે માળીયા મામલતદાર કોર્ટમાં મામલતદાર કોર્ટ કેસ નં.૦૩/૨૦૨૦ થી દાવો દાખલ કરેલો, પરંતુ મામલતદારે પોતાના હુકમમાં સિવિલ કોર્ટમાંથી દાદ મેળવવાની રહે છે તેમ નિરીક્ષણ કરી દાવો તા.૨૧/૧૦/૨૦૨૧ ના રોજ દફતરે કરી દીધેલો. જેની સામે વાદી નં.૩ મારફત નાયબ કલેકટરની કોર્ટમાં રીવીઝન કરેલી જેમાં નાયબ કલેકટરે તા.૨૬/૧૨/૨૦૨૨ ના રોજ હુકમ કરી મામલતદાર માળીયાનો હુકમ કાયમ રાખેલો. અદાલતમાં રેમેડીઝ મેળવવા દાવો લાવ્યા સિવાય કોઈ વિકલ્પ રહેલ નથી જેથી હાલનો દાવો લાવેલ છે. મામલતદાર કોર્ટમાં દાવો દાખલ કર્યા બાદ તા.૨૫/૦૧/૨૦૨૧ ના રોજ સર્કલ ઓફિસર તથા રેવન્યુ તલાટીની હાજરીમાં પંચ રોજકામ કરવામાં આવેલ છે, પરંતુ રોજકામમાં જે રસ્તો હયાત છે તે બતાવવાને બદલે જીવા જીણાના પડખે હયાત રસ્તો ન હોવા છતાં અને રસ્તો પ્ર તિવાદીના સર્વે નં.૪૪૫/૩ ના પૂર્વ શેઢે ગડુના જાહેર માર્ગથી પ્રવેશ્યા બાદ

આવેલ હોવા છતાં તેનો ઉલ્લેખ ન કરતા વાંધો પણ લેવામાં આવેલ. વાદીઓના કુટુંબી જીવાભાઈ અને બાબુભાઈની પશ્ચિમે ઉતરથી દક્ષિણ પાણીની નહેર આવેલ છે ત્યાં રસ્તો આવેલ નથી. દાવાવાળા રસ્તા સિવાય વાદીઓને કોઈ વૈકલ્પિક માર્ગ નથી. જો પ્રતિવાદીઓ કાયદેસરના રસ્તેથી ચાલતા અડચણ અટકાયત અવરોધ કરે તો વાદીઓ ખેતરે આવી જઈ શકે નહીં કે ખેતી કરી શકે નહીં અને પરિણામે છતી જમીને ભુખે મરવાનો વારો આવે અને સિવિલ ડેથ થઈ જાય. વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે. સગવડ અગવડનું પલ્લું વાદીઓ તરફે છે. જો પ્રતિવાદીઓ રસ્તો તેમની ધમકી પ્રમાણે બંધ કરે કે અડચણ અટકાયત અવરોધ કરે તો વાદીઓની મિલકત પરત્વેના બંધારણીય અધિકારને ગંભીર જફા પહોંચે જેનું નાણાંના સ્વરૂપમાં વળતર મળી શકે નહીં. જેથી દાવો લાવી વાદીઓની ખેતીની જમીન સુધી જવા માટે આવેલ કાયદેસરનો એકમાત્ર રસ્તો જે ગડુના જાહેર માર્ગથી પ્રતિવાદીના ખેતર સર્વે નં.૪૪૫/૩ ના પૂર્વ શેઢે ઉતરથી દક્ષિણ તરફ જાય છે જે કેનાલના ખુણાણી પશ્ચિમ તરફ વળાંકી કેનાલમાં મુકેલ પુલ સુધી વાદીઓના ખેતર સર્વે નં.૪૪૫/૧ માં જાય છે તેમાં અડચણ અટકાયત કે કોઈપણ પ્રકારની અડચણ કરવાનો કોઈ હકક અધિકાર નથી તેવું ઠરાવી આપવા તથા દાવાવાળો રસ્તો વાદીઓના ખેતરમાં જવાનો એકમાત્ર રસ્તો છે તેવું ઠરાવી આપવા તથા પ્રતિવાદીઓ જાતે કે તેમના માણસો, નોકરો, એજન્ટો કુલ મુખત્યારો વાદીઓને તેઓના ખેતરે જતા આવતા ખેતી વિષયક સાધનો સાંતી સળ ગાડા ગડીરાને કોઈ અડચણ અટકાયત કરે–કરાવે નહીં તેવો કાયમી મનાઈ હુકમ આપવા દાદ માંગેલ છે, અને દાવામાં હાલની અરજીથી દાવો ચાલતા દરમિયાન વચગાળાનો મનાઈ હુકમ મળવા અંગેની અરજી લાવી જણાવેલ છે કે, વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે. સગવડતા અગવડતાનું પલ્લું વાદીઓની તરફે છે. નાણાંના સ્વરૂપમાં વળતર મળી શકે તેમ નથી. માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવાથી પ્રતિવાદીઓને કોઈ

નુકશાન નથી. જેથી પ્રતિવાદીઓ જાતે કે તેમના માણસો, નોકરો, એજન્ટો, કુલ મુખત્યારો વાદીઓને તેઓના ખેતરે જતા આવતા ખેતી વિષયક સાધનો સાંતી સળ ગાડા ગડીરા જે.સી.બી. હાર્વેસ્ટરને કોઈ અડચણ અટકાયત કરે–કરાવે નહીં તેવો દાવો ચાલતા સુધીનો વચગાળાનો મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે.

(૨) આ કામે વાદીઓના દાવા તથા મનાઈ હુકમની અરજીના સમન્સ/નોટિસ પ્રતિવાદીઓને ધોરણસર બજી જતા, પ્રતિવાદીઓએ તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થઈ આંક–૧૪ થી વચગાળાની મનાઈ હુકમની અરજીના વાંધા જવાબ રજુ કરેલ છે. જેમાં અરજીની કબૂલ કર્યા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરી તકરાર લીધેલ છે કે, વાદી તથા પ્રતિવાદીઓની જમીન વિસણવેલથી પૂર્વ દિશાએ છે એટલે કે વિસણવેલ ગામથી જે રસ્તો આવે છે તે રસ્તો પ્રતિવાદીઓની જમીનથી ઉતર દિશાએ પશ્ચિમ થી પૂર્વ તરફ જાય છે, તે રસ્તાને પ્રથમ પ્રતિવાદીઓની જમીનનો પશ્ચિમ
શેઢો લાગે છે અને ત્યારબાદ આગળ જતા પૂર્વ શેઢો આવે છે અને પ્રતિવાદીઓની જમીનથી પશ્ચિમે માંડાભાઈ જીણાભાઈ વાસણ તથા તેનાથી પશ્ચિમે જીવાભાઈ જીણાભાઈ વાસણની જમીન આવેલ છે. સ્વાભાવિકપણે વિસણવેલ ગામ તરફના રસ્તેથી આવતા કોઈપણ ખેતરનો પશ્ચિમ તરફનો શેઢો આવતો હોય ત્યાંથી કોઈપણ વ્યકિતનો રસ્તો હોય, હાથ ઉપરના દાવામાં સૌથી પ્રથમ જીવાભાઈ જીણાભાઈની જમીન છે એટલે તેમની પશ્ચિમેથી વાદીઓનો રસ્તો હોય તે સ્વાભાવિક છે અને ત્યાંથી જ છે. વાદીઓનો કોઈ રસ્તો પ્રતિવાદીઓની જમીનના પૂર્વ શેઢે કયોરય આવેલ જ ન હતો કે તેઓ કયારે તે શેઢેથી ચાલેલ જ નથી. વાદીઓએ મામલતદાર કોર્ટમાં કેસ નં.૩/૨૦૨૦ થી દાવો દાખલ કરેલ હતો તે અંગે સ્થળ સ્થિતિનો રફસ્કેચ પોતાની જાતે રજુ કરેલ છે તે જોવામાં આવે તો પશ્ચિમેથી પ્રથમ જીવાભાઈનું

ખેતર તથા ત્યારબાદ પૂર્વ માંડા જીણા તથા તેનાથી પૂર્વ પ્રતિવાદી નં.૧ ની જમીન આવેલ છે. ઉપરોકત ત્રણેય વ્યકિતઓની દક્ષિણે બીડ (પડતર) જમીન તથા તેના બાદ દક્ષિણે પૂર્વ પશ્ચિમ દિશાની કેનાલ અને ત્યારબાદ દક્ષિણે બાબુભાઈ જીણાભાઈની જમીન તથા તે બાદ પૂર્વના અરજદારની સંયુકત માલીકીની ખેતીની જમીન તથા મકાન આવેલ છે. વાસ્તવિક રીતે વાદીઓનો કાયદેસરનો  અને એકમાત્ર રસ્તો વિસણવેલથી ગડુ તરફ જતા રાજ રસ્તા ઉપર પ્રતિવાદી નં.૧ ના સગા ભાઈ જીવાભાઈની જમીનની પશ્ચિમ તરફ ઉતરથી દક્ષિણ તરફ જાય છે અને ત્યાં આગળ પાણીની કેનાલ ઉપર પુલ આવેલ છે તે પુલ ઉપર થઈ પ્રતિવાદીઓના અનય ભાઈ બાબુભાઈની જમીનના ઉતર શેઢે પશ્ચિમતથી પૂર્વ દિશા તરફ વાદીઓની જમીન સુધી જાય છે. ભાગ પડેલ ત્યારે પણ તે જ રસ્તો વાદીઓના ગુજરનાર પિતાને આપવામાં આવેલ છે અને તે જ રસ્તેથી વાદીઓ તેમની દાવાવાળી જમીને આવ-જા કરે છે. વાદીઓનો રસ્તો પશ્ચિમ દિશાએ આવેલ હોવા છતાં પ્રતિવાદીઓની જમીનમાં નવા રસ્તાનો હકક ઉભો કરવા માટે હાલનો દાવો દાખલ કરેલ છે. કાયદાકીય જોગવાઈ મુજબ જયારે કોઈ એક વૈકલ્પિક રસ્તો ઉપલબ્ધ હોય ત્યારે કોઈપણ પક્ષકારને નવો રસ્તો આપી શકાય નહીં. વાદીઓની સરળતા ખાતર નવા રસ્તાના હકકો ઉભા કરી શકાય નહીં. વાદીઓ પ્રતિવાદી નં.૧ ની જમીનના પૂર્વ શેઢે દાવાવાળી જગ્યાએ કયારેય ચાલેલ નથી કે ત્યાં કોઈ રસ્તો આવેલ જ નથી. પ્રતિવાદીઓની જમીનથી દક્ષિણે જે બીડમાં ચોમાસાના વરસાદી પાણીના કારણે જે ઘાંસ ઉગેલ હોય તે વાઢીને ઘરે લાવતા હોય છે, જે પ્રતિવાદીઓના પૂર્વ શેઢેથી ટ્રેકટર મારફત લઈ જાય છે, જે પ્રતિવાદીઓની માલીકીની જમીનમાં અંગત ઉપયોગ માટે ટ્રેકટર ચલાવે છે તેનો ગેરલાભ લઈ વાદીઓ નવા રસ્તાનો હકક ઉભો કરવા માંગે છે. દાવો ચાલવાત્ર કે ટકવાપાત્ર નથી અને રદ થવાપાત્ર છે ત્યારે વચગાળાની અરજથી પણ ટકવાપાત્ર નથી અને રદ યાને નામંજુર

થવાપાત્ર છે. વાદીઓએ મામલતદાર કોર્ટમાં દાવો કરેલ તે રદ થતા વાદી નં.૩ નાએ નાયબ કલેકટરમાં રીવીઝન દાખલ કરેલ પરંતુ મામલતદાર કોર્ટનો હુકમ કાયમી રાખવામાં આવતા વાદીઓએ ખોટો અને ઉપજાવી કાઢેલ દાવો તથા વચગાળાના મનાઈ હુકમની અરજી દાખલ કરી નામદાર કોર્ટનો ખોટી રીતે સમય બગાડેલ હોય જેથી વાદીઓની અરજી ખર્ચ સહિત રદ કરી પ્રતિવાદીને વાદીઓ પાસેથી ખાસ ખર્ચ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

**(૩)** સદર કામે વાદીઓ તરફે તેમની અરજીના સમર્થનમાં આંક-૪ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નિશાની ૪/૧ થી ૪/૧૪ સુધી ગામ નમૂના નં.૮(અ), ગામ નમૂના નં.૭, પંચ રોજકામ, મામલતદાર કોર્ટ કેસ નં.૩/૨૦૨૦ ના ઠરાવ, નાયબ કલેકટરના રીવીઝન કેસ નં.૪/૨૦૨૨ ના ઠરાવ, સીમતળનો નકશો, રફ સ્કેચ અને કુલ-મુખત્યારનામું અસલ, ઝેરોક્ષ અને ખરીનકલો રજૂ કરેલ છે.

**(૪)** વાદીઓ તરફે વિ.વકીલશ્રી જે. ડી. મહેતા અને પ્રતિવાદીઓ તરફે વિ.વકીલશ્રી આર. વી. ભલગરીયાની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૫)** સદર અરજીના ન્યાયિક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીઓ માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ મેળવવા હકકદાર છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

મુદા નં. ૧ : નકારમાં

મુદા નં. ૨ : **આખરી હુકમ મુજબ.**

**<u>-:: કા ર ણો ::-</u>**

**મુદા નં.(૧) :**

(૭) એ સર્વ માન્ય સિધ્ધાંત છે કે કામ ચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે, અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રુબરુ ચોખા હાથે આવવુ જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ વાદીએ રેકર્ડ પરથી સિધ્ધ કરવાનુ રહે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે. પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સિધ્ધ કરવાથી વાદી આપો આપ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સિધ્ધ કરવાની રહે છે કે, સગવડતાની તુલા વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામા પક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુંકસાન જાય તેમ છે. આ ઉપરાંત કોર્ટે પક્ષકારોની વર્તણુક તથા ડીલે અને લેચીસ ની હકિકતો પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં કોર્ટે કામ ચલાઉ મનાઈ હુકમની અરજી નકિક કરતી વખતે એ હકિકત પણ ધ્યાને લેવાની રહે છે કે કામ ચલાઉ મનાઈ હુકમની દાદનો મુખ્ય ઉદેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો છે, એટલ કામ ચલાઉ મનાઈ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ, દાવાની આખરી દાદના સ્વરુપની ન હોવી જોઈએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય, અથવા ન પણ આપી શકાય, જયારે પક્ષકારો પોત પોતાના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપીત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઈ જતો હોય, તેવી દાદ પણ આપી શકાય નહી. તેમજ મનાઈ હુકમની અરજી નકિક કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે,

પ્રતિવાદીને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબજ ગંભીર બાબત છે અને મનાઈ હુકમનો કોઈ નિર્ણય કરતા પહેલા અન્ય પક્ષકારોને થનાર નુંકસાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આ તમામ સંજોગોને ધ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો છે

વચગાળાના તબકકે હાલની અરજીમાં જણાવ્યા મુજબની દાદ મેળવવા આવનાર પક્ષે પ્રથમ તો પોતાનો કેસ પ્રાયમાફેસી કેસ છે તેવુ દર્શાવવુ પડે. આ કામમાં વાદીઓએ પોતાના દાવાનો મુખ્ય આધાર માટે વાદી તરફે માર્ક ૪/૧ થી રે. સં નંબર ૪૪૫/૧ ની જમીનના ૮–અ ના ઉતારાની નકલ છે., માર્ક ૪/૨ થી રે. સં નંબર ૪૪૫/૧ ની જમીનના ગામ નમુના નંબર–૭ ની નકલ છે. જે જોતા ઉપરોકત જ જમીન વાદીઓના કબજા ભાોગવટામાં આવેલી છે. માર્ક ૪/૩ થી રે. સં નંબર ૪૪૫/૨ ની જમીનના ગામ નમુના નંબર–૭ ની નકલ છે.માર્ક ૪/૪ થી રે. સં નંબર ૪૪૫/૩ ની જમીનના ગામ નમુના નંબર–૭ ની નકલ છે. જે જમીન પ્રતિવાદી નંબર – ૧ ના કબજા ભોગવટામાં આવેલાનુ જણાઈ આવે છે.માર્ક ૪/૭ થી રે. સં નંબર ૪૪૫/૬ ની જમીનના ગામ નમુના નંબર–૭ ની નકલ છે.જે જમીન કેનાલમાં સપાદન થયેલ છે.માર્ક ૪/૯ થી પંચ રોજકામની નકલો રજુ છે.માર્ક ૪/૧૦ થી મામલતદારશ્રીના હુકમની નકલ રજુ છે.માર્ક ૪/૧૧ થી નાયબ કેલેકટર શ્રી મેંદરડાના હુકમની નકલ રજુ છે. માર્ક ૪/૧૨ થી ગામ તળના નકશાની નકલ રજુ છે. માર્ક ,/૧૩ થી વાદીએ જગ્યાનો રફ સ્કેચ રજુ કરેલ છે. ઉપરોકત દસ્તાજો જોતા રે. સં નંબર ૪૪૫/૧ ની વાળી જમીન વાદીના કબજા ભોગવટામાં આવેલી છે. જયારે રે. સં નંબર ૪૪૫/૩ ની વાળી જમીન પ્રતિવાદીના કબજા ભોગવટામાં આવેલી છે.વધુમાં વાદીની વચગાળાની દાદ જોવામાં આવે તો વાદીને ખેતરમાં આવતા જતા પ્રતિવાદીઓ અડચણ કરેલ નહી તેવી દાદ છે. જયારે વાદી તરફે માર્ક ૪/૧૩ થી વાદગ્રસ્ત જમીનનો રફ સ્કેચ રજુ કરેલ છે. તે જોતા તેમાં વાદીની જમીનની પૂર્વ તથા પશ્ચિમ બાજુએ રસ્તો આવેલાનુ જણાઈ આવે છે. વધુમાં આ કામે વાદગ્રસ્ત જગ્યાનુ સ્થળ સ્થિતી અંગેનુ પંચનામુ કોર્ટ કમીશ્નર મારફતે કરવામાં આવેલ નથી.વાદી દવારા જાતે રફ સ્કેચ રજુ કરવામાં આવેલ છે. તેના ઉપર અધારા રાખી શકાય નહી વધુમાં માર્ક ૪/૯ થી જે મામલતદારશ્રી દવારા પંચનામુ કરવમાં આવેલ છે. તેની નકલ રજુ

છે. તેમાં વાદીની જમીનની પશ્ચિમ બાજુએ અન્ય રસ્તો આવેલાનો ઉલ્લેખ છે.તેમજ વાદી દવારા જે મામલતદાર કોર્ટનો હુકમ રજુ કરવામાં આવેલ છે.તેમાં અન્ય જમીન માલીકોના સોગધનામા બાબતનો ઉલ્લેખ છે.આમ મામલતદારશ્રી દવારા કરવામાં આવેલ પંચનામુ તથા તેના હુકમમાં પણ અન્ય રસ્તો હોવાનો ઉલ્લેખ છે.આમ વચગાળાના તબ્બકે પુરાવો લીધા વગર વચગાળાના તબ્બકે રસ્તા બાબતે નિર્ણય કરી શકાય નહી.આમ વચગાળાના તબ્કે પુરાવો લીધા વગર રસ્તા અંગેની દાદ મંજુર કરી શકાય નહી કારણકે જો દાદ મંજુર કરવામાં આવે તો વચગાળાના તબ્બકે આખરી સ્વરૂપની દાદ મંજુર થઈ શકે. આમ વાદગસ્ત જગ્યા અંગેનુ સ્પષ્ટ સ્થિતી રેકર્ડ પર આવેલ ન હોય વચગાળાના તબ્કે વાદીની દાદ મંજુર કરી શકાય નહી. આમ આ તમામ

સંજોગોમાં વાદીઓનો કેસ પ્રાયમાફેસી કેસ છે તેમ કહી શકાય નહી.આથી તે મુદાનો જવાબ નકારમાં આપવામાં આવે છે.વધુમાં મનાઈ હુકમની અરજી અન્વયે પક્ષકારે પોતાનો કેસ ત્રણ સિધ્ધાંત મુજબનો હોવાનુ દર્શાવવુ પડે, ફકત પ્રથમદર્શનીય કેશ હોવા માત્રથી વચગાળાના તબકકે માગ્યા મુજબની દાદ મંજુર થઈ જવા પાત્ર બનતી નથી, વાદીઓએ કેવા સ્વરુપની દાદ માંગેલ છે અને જો તે દાદ મંજુર કરવામાં આવે તો તેની શુ અસર થશે તે બાબત પણ ધ્યાને લેવી જોઈએ આમ જયારે વાદી પોતાનો પ્રાઈમાફેસી કેસ પુરવાર કરી શકેલ નથી. જો વાદીઓને હાલના તબકકે વચગાળાની માગ્યા મુજબની દાદ આપવામાં આવે તો પ્રતિવાદી કરતા વાદીઓને નાણામાં આંકી ન શકાય તેવુ નુકશાન થશે તેમ હોવાની તેમજ સગવડતા-અગવડતાની સમતુલાનુ પલ્લુ પણ વાદીઓની તરફેણમાં હોવાનુ જણાઈ આવતુ ન હોઈ અને એ રીતે મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) વાદીઓની આંક–૫ ની વચગાળાનો મનાઈ હુકમ મળવાની અરજી .ના મંજુર કરવામાં આવે છે.

(૨) અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આ હુકમ આજ તારીખ **<u>૨૫મી</u>**, માહે **<u>સપ્ટેમ્બર</u>** સને **<u>૨૦૨૪</u>** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કયો".

મુકામ : માળીયા હાટીના.
તારીખ : ૨૫/૦૯/૨૦૨૪.

**(સ્નેહલ મૃદુલભાઈ શુકલ)**
મુખ્ય સિવિલ જજ,
માળીયા હાટીના.
(GJ-01383)